ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

યુનિવર્સિટી કેમ્પસ,
મુન્દ્રા રોડ, ભુજ–કચ્છ. ૩૭૦૦૦૧
Email:- registrar.kskvku@gmail.com

ફોન (૦૨૮૩૨) ૨૩૫૦૦૨
ફેકસ (૦૨૮૩૨) ૨૩૫૦૧૧
web : http://www.kskvku.ac.in

ક.યુ./ઇ.સી./મિનિટસ/૧૧લી સપ્ટેમ્બર–૨૦૨૦/૨૦૨૦/૨૪૭૪ તા.૧૪/૦૯/૨૦૨૦

પ્રતિ,
એક્ઝિક્યુટીવ કાઉન્સીલના તમામ સભ્યશ્રીઓ,
કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ–કચ્છ.

વિષય : ગત તા.૧૧/૦૯/૨૦૨૦ ના રોજની એક્ઝિક્યુટીવ કાઉન્સીલની યોજાયેલ સભાની મિનિટ્સની નોધ મોકલવા બાબત.

શ્રીમાન,

જય ભારત સહ ઉપરોક્ત વિષયે જણાવવાનું કે, માનનીય કુલપતિશ્રીનાં અધ્યક્ષ સ્થાને તા.૧૧/૦૯/૨૦૨૦ ના રોજ કચ્છ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સીલની સભાની મિનિટ્સ નોધ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે. જે આપશ્રીને જાણ થવા વિનંતી.

આભાર સહ,

બિડાણ:– એક્ઝિક્યુટીવ કાઉન્સીલની યોજાયેલ બેઠકની મીનીટ્સ નોધ.

કુલસચિવ
કચ્છ યુનિવર્સિટી
ભુજ–કચ્છ

નકલ સવિનય રવાના:– માનનીય કુલપતિશ્રીના કાર્યાલય તરફ.

## તા.૧૧મી સપ્ટેમ્બર–૨૦૨૦ ના રોજ બપોરે ૨.૦૦ કલાકે કચ્છ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની મીટીંગની મિનિટસ નોંધ.

તારીખ તા.૧૧મી સપ્ટેમ્બર–૨૦૨૦ ના રોજ શુક્રવારે બપોરે ૨.૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે એક્ઝિક્યુટીવ કાઉન્સીલની સભા માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ, આ સભામાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતાં. અધ્યક્ષશ્રી દ્વારા સૌ સભ્યશ્રીઓના આવકાર બાદ આગળની કાર્યવાહીની શરૂઆત કરવામાં આવી.

| સભ્યશ્રીનું નામ | હોદો | હાજર/ ગેરહાજર |
|---|---|---|
| પ્રો.(ડો.) જયરાજસિંહ.ડી.જાડેજા<br>માન. કુલપતિશ્રી,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી, ભુજ–કચ્છ. | અધ્યક્ષશ્રી | હાજર |
| ડાયરેક્ટર ઓફ હાયર એજ્યુકેશન,<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડાયરેક્ટર ઓફ ટેકનિકલ એજ્યુકેશન,<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડાયરેક્ટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજ્યુકેશન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર. | સભ્યશ્રી | ગેરહાજર |
| પ્રો.(ડો.) પી.એસ.હિરાણી<br>ડીનશ્રી, વાણિજ્ય વિદ્યાશાખા,<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ડો.કાશ્મીરા પી.મહેતા<br>ડીનશ્રી, વિનયન વિદ્યાશાખા,<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ડો. મનીષ પંડયા<br>સલંગ્ન કોલેજના આચાર્યશ્રી,<br>તોલાણી કોલેજ ઓફ કોમર્સ, આદિપુર–કચ્છ.. | સભ્યશ્રી | હાજર |
| ડો. પરેશ રાવલ<br>સલંગ્ન કોલેજના આચાર્યશ્રી,<br>સરકારી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, રાપર–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| પ્રો.(ડો.) વિજય વ્યાસ<br>પ્રોફેસર, કોમર્સ એન્ડ મેનેજમેન્ટ વિભાગ,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી, ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ડો. આર.વી.બસીયા<br>એસોસીયેટ પ્રોફેસર, અંગ્રેજી ભવન,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી, ભુજ–કચ્છ. | સભ્યશ્રી | ગેરહાજર |
| ખાલી<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિશ્રી, | સભ્યશ્રી | – |
| ખાલી<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિશ્રી, | સભ્યશ્રી | – |
| ડો. મનીષ પંડયા<br>કાર્યકારી કુલસચિવશ્રી,<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ–કચ્છ. | સેક્રેટરીશ્રી | હાજર |



શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિ. ભુજ–કચ્છ

મુદાઓ :–

૧. તા.૨૭/૦૭/૨૦૨૦ ની એક્ઝિક્યુટીવ કાઉન્સીલની સભાની મિનિટસનું વાંચન અને બહાલી.
(નોંધઃ– ગત તારીખ તા.૨૭/૦૭/૨૦૨૦ની સભાની મિનિટસ નોંધનું વાંચન અને બહાલી બાબત.)

**ઠરાવઃ– ૧. તા. ૨૭/૦૭/૨૦૨૦ રોજની ગત સભાની મિનિટસના વાંચન બાદ મિનિટ્સ નોંધને સર્વાનુમતે બહાલ કરવામાં આવી.**

૨. યુનિવર્સિટી ખાતે જુદા જુદા સેલની કરેલ રચના/પુનઃરચના અને નવા નિયુક્ત કો–ઓર્ડિનેટરશ્રી/ડાયરેકટરશ્રીના નામને બહાલી બાબત.

**ઠરાવઃ– ૨. યુનિવર્સિટી ખાતે નીચે મુજબના સેલની રચના/પુનઃરચના કરેલ અને નવા નિયુક્ત કો–ઓર્ડિનેટરશ્રી/ડાયરેકટરશ્રીઓના નામને સર્વાનુમતે બહાલ રાખવવામાં આવ્યાં.**

| ક્રમ | સેલનું નામ | કો–ઓર્ડિનેટરશ્રીનું નામ |
|---|---|---|
| 01 | Women Development Cell | ડો.કાશ્મીરા પી.મહેતા<br>અધ્યક્ષાશ્રી, અંગ્રેજી વિભાગ તથા ડીનશ્રી – વિનયન વિદ્યાશાખા, |
| 02 | Student Alumni Cell | પ્રો.(ડો.) દર્શનાબેન ધોળકિયા<br>અધ્યક્ષાશ્રી, ગુજરાતી વિભાગ.<br>ડો.મૃગેશ ત્રિવેદી<br>આસી.પ્રોફેસર, અર્થ એન્ડ એન્વાયરમેન્ટ સાયન્સ વિભાગ. |
| 03 | Internal Quality Assurance Cell and Research and Development Cell | પ્રો.(ડો.)વિજય વ્યાસ<br>પ્રોફેસર, કોમર્સ એન્ડ મેનેજમેન્ટ વિભાગ. |
| 04 | Grievance Redressal Cell | ડો.કે.એમ.ત્રિવેદી<br>અધ્યક્ષશ્રી, સંસ્કૃત વિભાગ. |
| 05 | Cultural Cell | ડો.આર.વી.બસીયા<br>એસો.પ્રોફેસર, અંગ્રેજી વિભાગ. |
| 06 | Training and Placement Cell | ડો.આર.વી.બસીયા<br>એસો.પ્રોફેસર, અંગ્રેજી વિભાગ. |
| 07 | Communication Cell | ડો.કલ્પના સતિજા<br>અધ્યક્ષાશ્રી, અર્થશાસ્ત્ર વિભાગ. |
| 08 | SSIP & Entrepreneurship Cell. | ડો.શિતલ બાટી<br>આસી.પ્રોફેસર, કોમર્સ એન્ડ મેનેજમેન્ટ વિભાગ.<br>ડો.કનિષ્ક શાહ<br>આસી.પ્રોફેસર, કોમર્સ એન્ડ મેનેજમેન્ટ વિભાગ. |
| 09 | Office of International Affairs and Office of Corporate Affairs | શ્રી મિલિન્દ સોલંકી<br>આસી.પ્રોફેસર, અંગ્રેજી વિભાગ. |
| 10 | SC ST OBC (Equal Opportunity ) Cell | શ્રી કૌશિક દલવી<br>આસી.પ્રોફેસર, કોમર્સ એન્ડ મેનેજમેન્ટ વિભાગ. |
| 11 | Career Counselling and Development Cell | શ્રી અજય રાઠોડ<br>આસી.પ્રોફેસર, રસાયણશાસ્ત્ર વિભાગ. |
| 12 | Student Support Cell NSS, Government schemes and benefits awareness etc. | શ્રી ચિરાગ પટેલ<br>અધ્યક્ષશ્રી, સમાજકાર્ય વિભાગ. |



ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી ભુજ-કચ્છ ૩૭૦૦૦૧

| | | |
|---|---|---|
| 13 | Statistical Cell | ડો.અમર પી.મહેતા<br>સિસ્ટમ એન્જીનીયરશ્રી, કોમ્પ્યુટર વિભાગ. |

૩. તાઃ૨૬/૦૮/૨૦૨૦ના રોજ યોજાયેલ 'એકાઉન્ટન્સી' વિષયના ટીચીંગ સહાયકના ઓપન ઈન્ટરવ્યુમાં પસંદગી પામેલ ઉમેદવારોને બહાલી આપવા બાબત.

ઠરાવઃ– ૩. તાઃ૨૬/૦૮/૨૦૨૦ના રોજ યોજાયેલ 'એકાઉન્ટન્સી' વિષયના ટીચીંગ સહાયકના ઈન્ટરવ્યુમાં નીચે મુજબના ક્રમાંક અનુસાર પસંદગી પામેલ ઉમેદવારોને સર્વાનુમતે બહાલ રાખવવામાં આવ્યાં.

| ક્રમ નં. | ઉમેદવારનું નામ | પસંદગીનો ક્રમાંક |
|---|---|---|
| ૦૧ | શ્રી વિશાલ જે.ભટ્ટ | ૦૧ |
| ૦૨ | શ્રી રાહુલ આર.વાઘેલા | ૦૨ |
| ૦૩ | શ્રીમતિ સોમીયા અજાણી | ૦૩ |
| ૦૪ | શ્રી જગમાલ એ.બતવા | ૦૪ |

૪. પ્રોગ્રામર તથા રીસેપ્સનીસ્ટની કરાર આધારીત ભરતી કરવા બાબત.

ઠરાવઃ– ૪. કોમ્પ્યુટર વિભાગમાં ૨ (બે) પ્રોગ્રામર અને ૨ (બે) રીસેપ્સનીસ્ટની કરાર આધારીત ભરતી કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૫. બિન–શૈક્ષણિક કર્મચારીઓના પગાર વધારા બાબત.

ઠરાવઃ– ૫. બિનશૈક્ષણિક કર્મચારીશ્રીઓના પગાર સુધારા અંગે તાઃ૦૫/૦૭/૨૦૧૭ની એક્ઝિક્યુટીવ કાઉન્સીલના ઠરાવ નં.૨૫ થી રચાયેલી પગાર વધારા નિર્ધારણ સમિતિના અહેવાલ અનુસાર પગાર બાંધણી પત્રકમાં દર્શાવ્યા મુજબ કર્મચારીશ્રીને ૭મી સપ્ટેમ્બર–૨૦૨૦થી જે પગાર લાગુ પડતો હોય તે મુજબ પગાર ચુકવવા, અગાઉનો એરીયર્સ ન ચૂકવવા અને હવે દરેક વર્ષના અંતે કર્મચારીશ્રીના વાર્ષિક પરફોર્મન્સના આધારે સમિતિના અહેવાલ દ્વારા પગાર વધારો ચુકવવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૬. વિદ્યાર્થીઓની ફી હપ્તામાં લેવા બાબત

ઠરાવઃ– ૬. વિદ્યાર્થીઓની ફી હપ્તામાં લેવા અંગે માન.કુલપતિશ્રીને સત્તા સોંપવામાં સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૭. કચ્છ યુનિવર્સિટીના કેમ્પસ પર આવેલ સ્ટેશનરીની દુકાનના ભાડામાં રાહત આપવા બાબત.

ઠરાવઃ–૭. કચ્છ યુનિવર્સિટીના કેમ્પસ પર આવેલ સ્ટેશનરીની દુકાનના ભાડામાં રાહત અંગે કોવિડ–૧૯ની પરિસ્થિતીને ધ્યાને માર્ચ/એપ્રિલ/મે–૨૦૨૦ના ભાડામાં ૫૦% (ટકા) રાહત આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૮. આઈવીઆરએસ બેસ્ડ ટેલિફોન હેલ્પ લાઇન જે બંધ કરાયેલ છે તે પુનઃ શરૂ કરવા બાબત.

ઠરાવઃ–૮. આઈવીઆરએસ બેસ્ડ ટેલિફોન હેલ્પ લાઇન જે બંધ કરાયેલ છે તે પુનઃ શરૂ ન કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.



ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી ભુજ-કચ્છ ૩૭૦૦૦૧

૯. કચ્છ યુનિવર્સિટી દ્વારા લેવામાં આવનાર ઓનલાઇન પરીક્ષામાં ગેરરીતી તથા કોપી કેસના સજાના નિયમો અંગે ચર્ચા અને નિર્ણય અંગે.

ઠરાવઃ–૯. **કચ્છ યુનિવર્સિટી દ્વારા લેવામાં આવનાર ઓનલાઇન પરીક્ષામાં ગેરરીતી તથા કોપી કેસના સજાના નિયમો અંગે હાલ લેવાનાર ઓનલાઇન પરીક્ષા માટે આ નિયમોને લાગુ પાડવા સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

૧૦. ઉત્તરવહી, માર્કશીટ, પરીક્ષાના કવર પ્રિન્ટીગના વાર્ષિક ઇ–ટેન્ડરની પ્રક્રિયા પૂર્ણ થતા સંબંધિત પાર્ટીને આપેલ વર્ક ઓર્ડરને બહાલી બાબત.

ઠરાવઃ–૧૦. **ઉત્તરવહી, માર્કશીટ, પરીક્ષાના કવર પ્રિન્ટીગના વાર્ષિક ઇ–ટેન્ડરની પ્રક્રિયા પૂર્ણ થતા સંબંધિત પાર્ટીને આપેલ વર્ક ઓર્ડર બહાલ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

૧૧. કચ્છ યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના વર્ષ ૨૦૧૯–૨૦ના જોડાણ જાહેરનામા સરકારશ્રીમાંથી મેળવવા અંગેની પ્રક્રિયા હાથ ધરવા બાબત.

ઠરાવઃ–૧૧. **આથી સર્વાનુમતે જણાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સંલગ્ન જુદી જુદી કોલેજોમાં ચાલતા અભ્યાસક્રમોના શૈક્ષણિક વર્ષ ૨૦૧૯–૨૦ના જોડાણ જાહેરનામા સંબંધિત આગળની કાર્યવાહી હાથ ધરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામાં આવે છે.**

૧૨. વર્ષ ૨૦૨૦–૨૧ માટે નવા જોડાણ/ વર્ગ વધારા તથા વિષય વધારા માટે નીડ કમિટીનીની રચના કરવા બાબત.

ઠરાવઃ–૧૨. **કચ્છ યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના વર્ષ ૨૦૨૦–૨૧ માટે નવા જોડાણ/ વર્ગ વધારા તથા વિષય વધારા માટે નીડ કમિટીનીની રચના કરવાની સત્તા માન.કુલપતિશ્રીને સત્તા સોંપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૧૩.માતૃવંદના ફાઉન્ડેશન ટ્રસ્ટની જોડાણ ફી બી.કોમ. અભ્યાસક્રમ માંથી બી.એ.અભ્યાસક્રમમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ માં માન્ય રાખવા બાબત.

ઠરાવઃ–૧૩. **માતૃવંદના ફાઉન્ડેશન ટ્રસ્ટની જોડાણ ફી બી.કોમ. અભ્યાસક્રમ માંથી બી.એ.અભ્યાસક્રમમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ માં માન્ય રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

**અધ્યક્ષ સ્થાનેથી રજૂ થયેલ મુદ્દાઓ..**

૧૪. MOOC Courses ની શ્રી શ્રી યુનિવર્સિટી–કટક સાથે એમઓયુની દરખાસ્ત બાબત.

ઠરાવઃ–૧૪. **MOOC Courses ની શ્રી શ્રી યુનિવર્સિટી–કટક સાથે એમઓયુની દરખાસ્તન માન્ય રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**



ભુજ–કચ્છ ૩૭૦૦૦૧

૧૫. પીએચ.ડી.ના કોર્ષવર્ક બાબત.

ઠરાવઃ– ૧૫. કચ્છ યુનિવર્સિટી દ્વારા લેવાયેલ પીએચ.ડી.પ્રવેશ પરીક્ષા ૨૦૧૯–૨૦માં ઉર્તિણ થયા બાદ મેરીટમાં આવતા સ્કોલર/વિદ્યાર્થીઓને ગુજરાત યુનિવર્સિટીના એચઆરડીસી દ્વારા લેવાનાર ઓનલાઇન કોર્ષ વર્કની મંજૂરી આપવા અને કોર્ષવર્ક પહેલા પ્રોવિઝનલ રજીસ્ટ્રેશન કરાવવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૧૬. યુનિવર્સિટીના ગાનની રચના કરવા બાબત.

ઠરાવઃ–૧૬. યુનિવર્સિટીના ગાન અંગે માન.કુલપતિશ્રીએ તમામ સભ્યશ્રીઓને આ ગાન વિષે માહિતીગાર કર્યા અને તૈયાર થયેલ ગાનમાં સુધારા વધારા અર્થે તમામ સભ્યશ્રીને સુચન કરવા જણાવેલ અને આગામીમાં એક્ઝિક્યુટીવ કાઉન્સીલની સભામાં યુનિવર્સિટી ગાન ફાઇનલ કરી પ્રસિધ્ધ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

અન્ય કોઇ મુદો ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીના આભાર સાથે સભા પૂર્ણ જાહેર કરવામાં આવી.

કુલસચિવ(ઇ.ચા.)
કચ્છ યુનિવર્સિટી

નકલ સવિનંય રવાનાઃ– માન.કુલપતિશ્રીના કાર્યાલય તરફ.